

સતત વરસાદી વિઘ્ન આ વર્ષે નવરાત્રીના ઉમંગના રંગમાં ભંગ પાડી રહ્યું છે પરંતુ ગુજરાતી જેનુ નામ, અહીં અબાલવૃદ્ધ સૌ કોઈનો નવરાત્રી માટેનો જુસ્સો કાબિલે દાદ છે. વાવોલની શાલ્વિક હોમ્સ સોસાયટીના બાળકોએ આ વાતાવરણમાં પણ મહેનત કરીને બનાવેલો ‘‘ગબ્બર’’ તેમના નવરાત્રી માટેના ઉત્સાહને છતો કરે છે.

### ગાંધીનગહર શહેર વસાહત મહાસંઘ દ્વારા

# રોગચાળા અને ફૂટપાથ પરના દબાણોની સમસ્યા ઉકેલવા માંગ

## બગીચાઓની સાફ-સફાઈ અને તેની લાઈટોની મરામત કરાવવા તેમજ પાણીના ભરાવા પર જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા માંગ કરી

ગાંધીનગર, તા. ૧

શહેરમાં વરસાદી ઋતુ તેના સમાપન તરફ છે ત્યારે સેક્ટરોમાં કોમન પ્લોટો અને ખુલ્લી જગ્યાઓમાં વરસાદી પાણીનો ભરાવો થવાથી માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવ સાથે રોગચાળાનુ પ્રમાણ વ્યાપક રીતે વધવા પામ્યુ છે. આ ઉપરાંત શહેરમાં બગીચાઓની સાફ-સફાઈ બાબતે ઉપેક્ષા સેવાઈ રહી છે અને શહેરના ફૂટપાથો પર દબાણો વધી રહ્યા છે. આ સમસ્યાઓ પ્રત્યે તંત્રએ સત્વરે પગલાં લઈ જંતુનાશક દવાનો છંટકાવ, દબાણ હટાવી ફૂટપાથો ખુલ્લી કરવા સાથે બગીચાઓની સાફ-સફાઈ કરી તેની બંધ લાઈટો ચાલુ કરવાની કામગીરી વગેરે હાથ ધરવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા જાહેર વિનંતી કરવામાં આવી છે.

શહેરમાં રોગચાળાના માહોલ સાથે મેલેરિયા, ટાયફોઈડ, ડેન્ગ્યુ જેવા રોગોએ માથુ ઉંચક્યુ છે અને ઘરે ઘરે બિમારીના ખાટલાં જોવા મળી રહ્યાં છે. શહેરના સેક્ટરો તથા માર્ગો પર પાણીના ખાબોચિયાં જોવા મળી રહ્યાં છે. શહેરમાં બાગ-બગીચાની સફાઈના કાર્યો જે ખાનગી એજન્સીઓને જે આપી દેવાયા હતા તે એજન્સીઓએ કામ છોડી દેતા બગીચાઓની દુર્દશા થવા પામી છે અને બગીચાઓમાં અનેક ઠેકાણે લાઈટો બંધ હોવાથી અંધકારનુ સામ્રાજ્ય છવાયેલુ છે આ ઉપરાંત ફૂટપાથો પર લારી-ગલ્લાના દબાણો વધતા જાય છે અને જાહેર માર્ગો તથા રોડ પર આડેધડ પાર્કિંગ થાય છે. શહેરના વસાહત મહાસંઘ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ આ સમસ્યાઓને ઉકેલવા સત્વરે પગલાં ભરવા માંગ કરવામાં આવી છે.

# એકટીવા ચોરનાર મહિલા અને ખરીદનાર શખ્સને એલસીબીએ ઝડપી લીધા

ગાંધીનગર, તા.૧

અઢી માસ પહેલા ગાંધીનગર નજીક એપોલો સર્કલ પાસે નભોઈ ગામની સીમમાંથી એકટીવાની ચોરી થઈ હતી.નિકોલમાં રહેતા કિશોરસિંહ ડોડીયા ગત તા.૧૪ જુલાઈના રોજ સાંજે સવા ચાર વાગ્યાના અરસામાં એપોલો સર્કલ પાસે સર્વિસ માર્ગ પર એકટીવા મુકીને ઝાડીમાં લઘુશંકા માટે ગયા હતા અને ચાવી અંદર જ ભુલી ગયા હતા. જયારે તેઓ પરત ફર્યા ત્યારે એકટીવા ગુમ થઈ ગયું હતું.



અઢી મહિના અગાઉ ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલા એકટીવા અને તેની ડેકીમાં મુકેલી સોનાની રૂદાક્ષની માળાની ચોરી કરનાર એક મહિલા તેમજ તેના સાગરીત યુવકને એપોલો સર્કલ થી ટોલટેક્ષ તરફ જતા સર્વિસ માર્ગ ઉપરથી પકડી પાડી એકટીવા અને સોનાની માળા સહિત કુલ રૂ. ૮૬,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને તેમની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા પો.કો.અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે આજથી અઢી માસ અગાઉ ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલા એકટીવા સાથે બે વ્યકિતઓને પકડી પાડ્યા હતા. એલસીબીએ ચોરીનું એકટીવા ખરીદનાર મેહુલ મગનભાઈ લીંબાસીયા (રહે.બ્લોક નં.૧ મકાન નં.૩૦૪ એટલ એપાર્ટમેન્ટ નિકોલ)ને પકડી પાડ્યો હતો. તેની પુછપરછ બાદ એકટીવા ચોરનાર ઉષા ચુનીલાલ પ્રજાપતિ (રહે.૧૨ પ્રયાગ બંગ્લોઝ શિવાલયા હાઈટ્સ નિકોલ) ને પકડી પાડી હતી.એલસીબી પોલીસે બંન્ને પાસેથી રૂ.૩૬,૭૫૦ ની કિંમતની રૂદ્રાક્ષની માળા અને રૂ.૫૦ કહજારની કિંમતનું એકટીવા કબ્જે લઈને બંન્ને ઈન્ફોસીટી પોલીસને સોંપ્યા હતા.

# આજથી દેશભરમાં સકારાત્મકતાને વેગ આપતો ‘દાન-ઉત્સવ’ ઉજવાશે

## સતત ૧૧મા વર્ષે સ્વયંભૂ રીતે ઉજવાઈ રહેલા દાન-ઉત્સવમાં અનેક સેલીબ્રિટીઓ જોડાશે : કોઈકના ચહેરા પર સ્મિત રેલાવવાનો પ્રયાસ એટલે ‘દાન ઉત્સવ’

ગાંધીનગર, તા. ૧

કેટલાક ભારતીય યુવાનો દ્વારા છેલ્લાં ૧૦ વર્ષથી શરૂ કરવામાં આવેલી ચળવળ ‘દાન ઉત્સવ’ આજે વિશ્વના અનેક રાષ્ટ્રોમાં પ્રસરી વળી છે. આ અગાઉ જે ‘જોય ઓફ ગીવિંગ’ તરીકે ઓળખાતી હતી તે ચળવળ હવે ‘દાન ઉત્સવ’ તરીકે ઓળખાય છે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને હિન્દી સિને જગતના સરતાજ અમિતાભ બચ્ચનથી માંડીને આલિયા ભટ્ટ તથા અનેક ક્ષેત્રની દિગ્ગજ પ્રતિષ્ઠિત પ્રતિભાશાળી વ્યક્તિઓ દ્વારા જેની તરફેણ કરવામાં આવી રહી છે તે ‘દાન ઉત્સવ’ તા. ૨જી ઓક્ટોબરથી તા. ૧૦મી ઓક્ટોબર દરમ્યાન દેશભરમાં ઉજવાશે. જેમાં આ વર્ષે રાષ્ટ્રપિતા મહાતામા ગાંધીજીની જન્મજયંતિનું ૧૫૦મુ વર્ષ હોવાથી તેનુ મહત્વ ખાસ વધી જવા પામ્યું છે. ગાંધીનગરમાં પણ અનેક સેવાભાવી સંસ્થાઓ તથા વ્યક્તિઓ દ્વારા વિવિધ સેવાકીય દાન-પ્રવૃત્તી સતત કરાતી રહે છે ત્યારે આ દાન ઉત્સવમાં શહેરની આ સંસ્થાઓ જોડાય તે ઈચ્છનીય જણાઈ રહ્યું છે.

‘દાન ઉત્સવ’ એટલે એવી પ્રવૃતિ છે જેમાં સામેલ થનાર વ્યક્તિ કે સંસ્થા દ્વારા માત્ર પોતાની આસપાસ રહેતા કોઈપણ જરૂરિયાતમંદને કોઈપણ રીતે મદદરૂપ થઈ તે તેના ચહેરા પર ખુશીનુ સ્મિત રેલાવવા પ્રયાસ કરવાનો છે. આ કાર્ય તમે કોઈ પણ નાના પ્રયાસથી પણ કરી શકો જેમકે તમારી આસપાસ રહેતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને કપડાં કે અન્ય કોઈ ચીજવસ્તુ આપી અથવા આઈસક્રીમ, ચોકલેટ કે બિસ્કીટ ખવડાવી કે પછી તેમને ફિલ્મ જોવા લઈ જઈને પણ કરી શકો છો. આ શક્ય ના હોય તો તમારા ઘરના નોકરને સામેથી એક દિવસની રજા આપીને કે કોઈ વૃદ્ધને તેના કામમાં મદદરૂપ થઈને અથવા તમારા પાસે પડેલી એવી વસ્તુ જે હવે તમારે કામની ના હોય પરંતુ બીજા કોઈને કામ લાગી શકે તેમ હોય તેનુ દાન કરીને પણ દાન ઉત્સવમાં જોડાઈ શકો છે. આ તમારી પ્રવૃતિને દાન-ઉત્સવના ફેસબુક પેજ પર અપલોડ કરીને તમે આ ચળવળને બળ પુરૂ પાડી દેશભરમાં એક વ્યક્તિની બીજી વ્યક્તિ પ્રત્યેની માણસાઈ વધારતી હકારાત્મક લાગણીને પ્રોત્સાહન આપી દેશભરમાં એક સદભાવનાનો માહોલ ઉભો કરી આ ઉત્સવની ઉજવણીને વેગ આપી શકો છો.

### શહેરમાં ‘દાન-ઉત્સવ’ ઉજવવા ગાંધીનગર સમાચારની હાકલ

ગાંધીનગરમાં પણ ‘દાન-ઉત્સવ’ ઉજવવા ગાંધીનગર સમાચાર દ્વારા હાંકલ કરવામાં આવે છે અને આ અંતર્ગત શહેરની સેવાભાવી સંસ્થાઓ તથા વ્યક્તિઓને તા. ૨જી ઓક્ટોબરથી તા. ૮મી ઓક્ટોબર દરમ્યાન કોઈ પણ એક સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરી તેની વિગત સાથે ફોટો મો. નં. ૯૯૨૪૪૪૬૬૪૫ પર વ્હોટસેપ કરવા આહવાન આપવામાં આવે છે. અમે આપના આ ‘દાન-ઉત્સવ’ને ગાંધીનગર સમાચારમાં સ્થાન આપવા પ્રયાસ કરીશુ. આપે મોકલેલ વિગતો સ્પષ્ટ અક્ષરોમાં માત્ર પાંચ વાક્યોમાં હોવી જોઈશે જેમાં સૌથી ઉપર ‘દાન-ઉત્સવ’ લખવાનુ રહેશે અને આપની પ્રવૃતિના માત્ર ત્રણ ફોટોગ્રાફ મોકલવાના રહેશે.



### ચિલોડા ગામે ૧૫૦મી મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી કરાઈ

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પ્લાસ્ટીક મુક્ત ભારત અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાની બાળાઓએ પ્રાર્થના સાથે શુભારંભ કર્યો હતો. ત્યારબાદ બાપુની તસ્વીરને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાસુમન કર્યા હતા. આ પ્રસંગે શાળાના બાળકોએ ગાંધી બાપુની વેશભુષા, અભિનય ગીત, વૈષ્ણવ જન... ગાંધીજીનુ પ્રિય ભજનનું સમુહગાન સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શિક્ષક મહેન્દ્રભાઈ પટેલ, ભારતીબેન ભાવસાર, વર્ષાબેન રાઠોડે ગાંધી બાપુના જીવનકવન વિશે પ્રેરક પ્રસંગોનું વર્ણન કર્યુ હતુ. આ પ્રસંગે પ્લાસ્ટીકમુક્ત ભારત વિશે સમુહમાં શપથગ્રહણવિધિ યોજાઈ હતી. મુખ્ય મહેમાન પદે અગ્રણી દિનેશભાઈ પટેલ, ડે. સરપંચ જયંતિભાઈ પટેલ, નટુભાઈ પટેલ શિક્ષણ વિદ, અગ્રણી બળદેવભાઈ રાવળ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. આ પ્રસંગે બાળકોએ વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.


